જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૪/૨૦૧૫ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-    સમાચાર યાદી નં.૬૯૬/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૫ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૬૯૭/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનઃ-    સમાચાર યાદી નં.૬૯૮/૧૫

શહેરકોટડાઃ રાજુ ધુળાજી ઠાકોર (ઉ.વ.૩૦) (રહે. ખાડાવાળી ચાલી બત્રીસપૂરા ચાલીની બાજુમાં બાપુનગર) એ શહેરકોટડા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૪/૧૫ ક્લાક ૦૦/૨૩ વાગ્યા પહેલા કોઈ પણ સમયે મણીલાલ કડીયાની ચાલી ખાતે મકાનના ધાબા ઉપર શંકરભાઇ જશવંતભાઇ ઠાકોરને કોઈ કારણસર આરોપી (૧) ઈન્દરસીંગ ઉર્ફે લાલુ ભોજરાજસીંગ તોમર અને (૨) તેજેન્દ્રસિંગ રામવીરસીંગ તોમર (બંન્ને રહે. સેવંતીલાલની ચાલી પોટલીયા ચાર રસ્તા પાસે સરસપૂર) એ ભેગામળી તીક્ષ્ણ હથીયાર વડે શંકરભાઈના ગળાનાં ભાગે, જમણા કાન નીચે તથા પેટનાં ભાગે ઘા મારી મોત નીપજાવી નસી ગયા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે ખુનનો ગુનો નોધી આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ ડી પરમાર ચલાવે છે. ઉપરોક્ત ગુનાના કામે બન્ને આરોપીઓની અટક કરી તપાસ ચાલુ છે.

## અપહરણઃ-    સમાચાર યાદી નં.૬૯૯/૧૫

મેઘાણીનગરઃ કિરીટભાઈ રેવાભાઈ પરમાર (રહે.અંજના કો.ઓ.સોસાયટી ભાગ્યોદય ગલી ઓમનગર કલાપીનગર) એ તા.૯/૪/૧૫ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૪/૧૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી ભુમી (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એ ભગોરા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૭૦૦/૧૫**

નારણપુરા : પ્રફુલચંદ શાંતિલાલ ભાવસાર (રહે,વિભાગ-૧ એન.આ.પટેલ પાર્ક સોસા.રામાપીરનો ટેકરો જુનાવાડજ એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૪/૧૫ રાતનાં ૮/૦૦ થી તા.૮/૪/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન જુનાવાડજ એન.આ.પટેલ પાર્ક વિભાગ-૨ ખાતે આવેલ પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાચાંદીના દાગીના અને ડાયમંડના દાગીના કિંમત રૂપિયા ૧,૬૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.અગ્રવાત ચલાવે છે

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૭૦૧/૧૫**

માધવપુરાઃ ડૉ.ભગવાનભાઈ ગુલ્બીરામ ચંદનાની (ઉ.વ.૬૦)(રહે.શીલાલેખ એપાર્ટમેન્ટ શાહીબાગ) ને અઢી માસથી ગરદનની નસ દબાઈ જતી હોઈ ચાલવામાં તકલીફ થતી હોઈ બિમારીથી કંટાળી તા.૯/૪/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટમાંથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમણભાઈ વિરાભાઈ ચલાવે છે.

ચાંદખેડાઃ વિક્રમભાઈ કાળુભાઈ સેવતા (ઉ.વ.૩૨)(રહે.પ્રહલાદપાર્ક સોસાયટી ચાંદખેડા) એ કોઈકારણસર તા.૯/૪/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગૌતમભાઈ કચરાભાઈ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)